


વસંતોત્સવ પરાકાષ્ઠાએ... - આજે બુધવારે સાંજે સંસ્કૃતિ કુંજમાં યોજાયેલ વસંતોત્સવ વિરામ લેશે... ૧૦-૧૨ દિવસના ધમધમાટ બાદ સંસ્કૃતિ કુંજ હવે સુનુસુનુ લાગશે... મંગળવારે સાંજે યોજાયેલ નૃત્યશૈલીમાં વિવિધતામાં એકતામાં થીમ પર મનભાવન મૃત્યની રમઝટ થઈ હતી... શહેર-જિલ્લાના કલાપ્રેમીઓ પણ કલાકારોને બિરદાવવા મોટી સંખ્યામાં ઉમટે છે...

# શહેરમાં મેલેરીયાની ટીમોએ બે દિવસમાં ૮૧૧ તાવના દર્દી શોધ્યા

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરી મેલેરીયા તંત્ર દ્વારા બે દિવસમાં શહેરમાંથી ૮૧૧ જેટલા તાવના દર્દીઓ શોધી અને લોહીના નમૂના મેળવી પરીક્ષણ માટે મોકલી આપવામાં આવ્યા છે.

શહેરી મેલેરીયાતંત્ર દ્વારા સરકારની સૂચનાને પગલે હાઉસ ટુ હાઉસ સર્વેલન્સની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ દરમ્યાન તંત્રની ટીમોએ ૧૩,૧૭૧ ઘરોને આવરી લઈ ૨૬,૭૧૩ પાત્રોની ચકાસણી કરી હતી. તંત્રની ટીમોએ ૩૩૬ જેટલા પાત્રોમાંથી મચ્છરોના પોરા મળી આવતાં તાત્કાલિક પોરાનાશક કામગીરી હાથ ધરી હતી. મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જાન્યુઆરી-૨૧થી અત્યાર સુધીના ગાળામાં ૩ મેલેરિયા, ૩ ડેન્ગ્યુ અને પાંચ ચિકનગુનિયાના કેસો નોંધાયા છે. તંત્ર દ્વારા વાહકજન્ય રોગચાળાની સ્થિતિ નિયંત્રણમાં રહે તે માટે ૧ એપ્રિલ સુધી આ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સની કામગીરી કરવામાં આવશે. તંત્રની ટીમોએ ૨૮ જેટલી કન્સ્ટ્રક્શન સાઈટ્સની પણ વિઝીટ કરી હતી. આ વેળાએ સર્વેલન્સ દરમ્યાન પોરાનાશક કામગીરી ઉપરાંત મેલેરીયા સામેનું જન જાગૃત્તિ અભિયાન પણ છેડવામાં આવ્યું હોવાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે.

હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ દરમ્યાન મચ્છરોની ઉત્પત્તિ કેવી રીતે અટકાવી શકાય તેની પણ સમજ લોકોને આપવામાં આવશે.

# ગ્રામ્ય વિસ્તારમાં મેલેરીયાતંત્રએ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ સઘન બનાવ્યુ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લા આરોગ્યની મેલેરીયાતંત્રની આજે ૧૫૫ જેટલી ટીમો સાથે હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ અભિયાન સઘન બનાવવામાં આવ્યુ છે.

તંત્રની ટીમોએ આજે ૧,૦૪,૬૧૨ જેટલા લોકોને આવરી લઈ અને ૧૫૩ જેટલા વ્યક્તીઓના લોહીના નમૂના મેળવી પરીક્ષણ માટે મોકલી આપ્યા છે.

સર્વે દરમ્યાન ૨૬,૯૮૭ ઘરો અને ૬૦,૨૬૬ પાણી ભરવાના પાત્રોની ચકાસણી કરી હતી. ટીમોએ આ કામગીરી દરમ્યાન ૩૭૩ ઘર અને ૩૯૭ જેટલા પાત્રોમાંથી મચ્છરોના પોરા મળી આવતાં તાબડતોબ પોરાનાશક કામગીરી હાથ ધરી હતી.

તંત્રની ટીમો દ્વારા મેલેરીયા સામે જન જાગૃત્તિ અભિયાન પણ છેડવામાં આવ્યુ છે. મચ્છરોની ઉત્પત્તિને અટકાવવા કેવા પગલાં લેવા જરૂરી છે તેની સીધી સમજ લોકોને આપવામાં આવી રહી છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ સર્વેલન્સ અભિયાન દરમ્યાન હોટલ્સ, ઔદ્યોગિક વસાહતો, કન્સ્ટ્રક્શન સાઈટ્સ સહિત બધીજ બાબતોને આવરી લેવામાં આવનાર છે. વાહકજન્ય રોગચાળાની પરિસ્થિતિને નિયંત્રણમાં રાખવા ગપ્પી માછલીઓ પણ તળાવોમાં મુકવામાં આવશે.

## આવતીકાલથી રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ ગુજરાતની ત્રણ દિવસની મુલાકાતે

### રાષ્ટ્રપતિ ગાંધીનગરમાં વિધાનસભા ગૃહને સંબોધશે

ગાંધીનગર, તા. ૨૨

દેશના રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ આગામી તા. ૨૪મી માર્ચથી ત્રણ દિવસ ગુજરાતની મુલાકાતે આવશે. રાષ્ટ્રપતિ તેમના આ પ્રવાસ દરમ્યાન તા. ૨૪મી માર્ચે વિધાનસભા ગૃહમાં ઉપસ્થિત રહી તમામ સભ્યોને સંબોધન કરશે. રાષ્ટ્રપતિના આગમનને પગલે વિધાનસભામાં તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે. પ્રાપ્ત માહિતી અનુસાર રાષ્ટ્રપતિ ગુજરાત વિધાનસભા ગૃહને સંબોધવાના છે.

અત્યારે વિધાનસભામાં બજેટ સત્ર ચાલી રહ્યું છે અને આ દરમ્યાન દેશના રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ ગુજરાત પ્રવાસે પધારી રહ્યાં છે. આ સાથે તેઓ ગાંધીનગર ખાતે વિધાનસભા ગૃહને સંબોધન કરશે. અત્રે ઉલ્લેખનીય છે કે રાષ્ટ્રપતિના આ કાર્યક્રમ અંતર્ગત વિધાનસભાની કામકાજ સલાહકાર સમિતિની બેઠકમાં ચર્ચા સમીક્ષા કરવામાં આવશે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ દેશના રાષ્ટ્રપતિ રામનાથ કોવિદ આગામી તા. ૨૪મી માર્ચે ગુજરાત આવી રહ્યા છે. દરમ્યાન તા. ૨૪મી માર્ચે જ તેઓ વિધાનસભાની મુલાકાત કરશે જેમાં સત્તા પક્ષ અને વિપક્ષના સભ્યો પણ ઉપસ્થિત રહેશે અને વિધાનસભામા સભ્યોને રાષ્ટ્રપતિ સંબોધન કરશે. તેમના પ્રવાસમાં રાષ્ટ્રપતિ આગામી તા. ૨૫ અને તા. ૨૬ માર્ચે જામનગર ખાતે આયોજિત અન્ય કાર્યક્રમમાં હાજરી આપશે.

# ગાંધીનગર તાલુકા પંચાયતનું ૯૮ લાખની પુરાંત ધરાવતું બજેટ સર્વાનુમતે મંજૂર

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર તાલુકા પંચાયતનું ૯૮ લાખની પુરાંત ધરાવતુ બજેટ આજે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યુ હતુ.

ગાંધીનગર તાલુકા પંચાયતના પ્રમુખ ગોપાળજી ઠાકોરના અધ્યક્ષપદે મળેલ બેઠકમાં આ બજેટ રજુ કરાયુ હતુ. ૧૧.૪૯ ટકા બજેટની પુરાંત આ બજેટમાં દર્શાવવામાં આવી છે. જોકે તાલુકાના ૧૮ ગામોનો મનપાના હદ વિસ્તારમાં સમાવવામાં આવતાં આવકમાં ઘટાડો નોંધાયા છતાં પણ તાલુકા પંચાયત દ્વારા બજેટ ગત વર્ષ જેટલુ જ રાખી અને કરકસરના પગલાંઓ સાથે ૯૮ લાખની પુરાંત દર્શાવવામાં આવી છે.

આ બજેટમાં સમાજકલ્યાણ ક્ષેત્રે રૂ. ૬૩.૫૦ લાખની જોગવાઈ કરી સામાજિક ઉત્થાન અને સામાજિક સમરસતા ક્ષેત્રે મહત્વના પગલાં ભરવામાં આવ્યા છે.

તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં પંચાયત વિકાસ પ્રવૃત્તિ ગ્રામ વિકાસના કામો હાથ ધરવા સદસ્ય જોગવાઈ રૂ. ૪૫૦ લાખની કરવામાં આવી છે.

શિક્ષણક્ષેત્રે ૨૬ લાખ, કૃષિક્ષેત્રે રૂ. ૧૦.૫૦ લાખ, પશુપાલનના રસીકરણ અભિયાન સહિતની પ્રવૃત્તિ માટે રૂ. પાંચ લાખ, આંગણવાડીમાં ખુટતી કડીઓ જોડવા માટે રૂ. ૪૩ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

આ બજેટમાં ગ્રામ પંચાયતોને પીવાના પાણીની સુવિધા કરવા માટે રૂ. ૧૦ લાખ, વરસાદી પાણીના નિકાલ અને સ્વચ્છતા માટે રૂ. ૧૩ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

બજેટનો લોકાભિમુખ વહીવટીય કામગીરી માટેનું ગણાવતાં પ્રમુખ ગોપાળજીએ જણાવ્યુ હતુ કે કરકસર અને વિકાસને પણ લક્ષ્યમાં રાખવામાં આવ્યા છે. તેમણે કહ્યુ કે આવક ઘટી છે પણ શિક્ષણ, કૃષિ, પશુપાલન તેમજ પાણી માટે પુરતી જોગવાઈ કરી વિકાસ અટકે નહિ તેનુ ધ્યાન રાખવામાં આવ્યુ છે.

# ગાંધીનગરમાં રિયલ એસ્ટેટના ભાવ ઊંચકાશે

### રો-મટીરિયલની કિંતમોમાં ભાવ વધારાને પગલે ક્રેડાઇ ગુજરાતની બેઠકમાં ભાવ વધારો લાગુ કરવાનું નિયત કરાયું : પ્રતિ ચોરસ ફૂટે રૂ.૪૦૦થી રૂ.૫૦૦નો વધારો થાય તેવી શક્યતા

ગાંધીનગર, તા. ૨૨

કોન્ફેડરેશન ઓફ રિયલ એસ્ટેટ ડેવલોપર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા દ્વારા જાહેર કરવામાં આવ્યું છે કે રો મટીરિયલની કિંમતોમાં થયેલા ભાવ વધારાને કારણે ગુજરાતના બિલ્ડરો દ્વારા તા. ૨જી એપ્રિલથી બાંધકામની કિંમતોમાં પ્રતિ ચોરસ ફૂટે રૂ.૪૦૦થી રૂ.૫૦૦નો વધારો લાગુ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. ક્રેડાઈ ગુજરાતના આ નિર્ણયને અનુલક્ષીને ગાંધીનગરમાં પણ બિલ્ડર્સ એસોસિએશન દ્વારા આ ભાવવધારો લાગુ કરવામાં આવશે તેવું જણાઈ રહ્યું છે જેને પગલે શહેરમાં રિયલ એસ્ટેટના ભાવો ઊંચકાય તેવી શક્યતા છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગુજરાત સરકારે ગરીબોને તુવેરદાળ આપવા ૧૭૫ કરોડની જોગવાઈ કરી છે

રાજયના રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદા (N.E.S.A.) હેઠળ સમાવિષ્ટ ૭૦ લાખ કુટુંબોને પ્રોટીનસભર આહાર મળી રહે તે હેતુસર કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. લેખે તુવેરદાળ નું દર માસે રાહતદરે વિતરણ કરવાની યોજના રાજય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૦-૨૧ માં મંજુર કરાયેલ. તુવેરદાળની પડતર કિંમત પર રૂા. ૩૦/- પ્રતિ કિ.ગ્રા.ની સબસીડી ખર્ચ રાજય સરકાર દ્વારા ભોગવવા માટે ચાલુ વર્ષ ૨૦૨૧-૨૨ માટે રૂા. ૧૭૫ કરોડની જોગવાઈ કરાયેલ છે.

ગુજરાત નાગરિક પુરવઠા નીગમના મેનેજિંગ ડીરેકટરની યાદીમાં જણાવ્યા પ્રમાણે આ યોજના માટેનો તુવેરદાળનો જથ્થો તથા તેનો દર ભારત સરકાર દ્વારા વખતોવખતના બજારભાવો ધ્યાનમાં રાખીને નિયત કરી તેઓની નોડલ એજન્સી નાફેડ મારફત પુરો પાડવામાં આવે છે. રાજય સરકાર દ્વારા આ માટે કોઈ અલગથી ટેન્ડર બહાર પાડી તુવેરદાળની ખરીદી કરવામાં આવતી નથી.

તાજેતરના ઉપલબ્ધ બજારભાવો મુજબ ભાવો મુજબ, તુવેરદાળ (કોરી) નો ભાવ રૂા. ૯૬/- પ્રતિ કિ.ગ્રા. છે, જયારે નાગરીક પુરવઠા નિગમ દ્વારા ભારત સરકાર તરફથી નિયત કરાયેલ દરે નાફેડ પાસેથી રૂા. ૮૫/- પ્રતિ કિ.ગ્રા. ના ભાવે તુવેરદાળનો જથ્થો મેળવવામાં

## ૧૮૦ કરોડના કૌભાંડના આક્ષેપ સદંતર ખોટા

આવી રહેલ છે. આમ બજારમાં રૂા. ૬૦/- થી રૂા. ૬૨/- પ્રતિ કિ.ગ્રા. માં મળતી તુવેરદાળ નિગમ દ્વારા રૂા. ૯૫/- પ્રતિ કિ.ગ્રા. ના ભાવે ખરીદાતી હોવાની બાબત પાયાવિહોણી છે. રાજય સરકાર દ્વારા માર્ચ ૨૦૨૧ થી ડીસેમ્બર ૨૦૨૧ ના દસ (૧૦) માસ દરમ્યાન ૫૨૪૮૪.૪૪૪ મે.ટન તુવેરદાળનું રૂા. ૩૦/- પ્રતિ કિ.ગ્રા. સબસીડી સાથે જુદા જુદા સમયગાળા દરમ્યાન વિતરણ કરવામાં આવેલ છે. તમામ જથ્થાની પુરતી ગુણવત્તા ચકાસણી કરી વિતરણ કરાયેલ છે. ભારત સરકારના નકકી ભાવ જુદા જુદા સમયગાળામાં અલગ અલગ હોવાથી પડતર કિંમતમાં ફેરફાર થવાથી રાજય સરકારની યોજનામાં પડતર કિંમત ઉપર રૂા. ૩૦/- પ્રતિ કિ.ગ્રા. ની સબસીડી મુજબ દર માસે લાભાર્થીઓને જુદા જુદા ભાવે તુવેરદાળનું વિતરણ કરવામાં ઉદભવતી વિવિધ સમસ્યાઓના નિરાકરણ લાવવા માટે અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા તુવેરદાળનો વિતરણ ભાવ રૂા. ૫૦/- પ્રતિ કિ.ગ્રા. દર માસે એકસરખા રાખવા રાજય સરકારને ડિસેમ્બર-૨૦૨૧ માં દરખાસ્ત કરાયેલ. રાજય સરકારશ્રી દ્વારા પુખ્ત વિચારણાને અંતે રૂા. ૫૦/- પ્રતિ કિ.ગ્રા. ના ફીકસ વિતરણ ભાવને મંજુરી આપતા અન્ન, નાગરિક પુરવઠા વિભાગના તા. ૦૩-૦૨-૨૦૧૨ ના ઠરાવથી માર્ચ ૨૦૨૨ થી લાભાર્થીઓને તુવેરદાળનું રૂા. ૫૦/- પ્રતિ કિ.ગ્રા. ના દરે વિતરણ શરૂ કરવામાં આવેલ છે. આમ, છેલ્લા ચાર મહિનાથી તુવેરદાળનું વિતરણ ન કરવાની બાબત સાચી નથી. અખબારી અહેવાલોમાં જણાવ્યા મુજબ તુવેરદાળનો ૯૯૨.૬૫ મે.ટનનો કોઈ જથ્થો નાગરિક પુરવઠા નિગમના કોઈ ગોડાઉનો ખાતે બગડી જવા પામેલ નથી.

**(૨) રાજયના ૫૨ (બાવન) લાખ કરતા વધુ બાળકો મધ્યાહન ભોજનથી વંચિત રહ્યાં**

રાજય સરકાર દ્વારા તમામ પ્રાથમિક શાળાઓમાં ઓફલાઈન પધ્ધતિથી શિક્ષણ શરૂ કરવા માટે ફેબ્રુઆરી મહિનામાં કરાયેલ નિર્ણય અન્વયે કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના, ગાંધીનગર દ્વારા તા. ૧૮-૦૨-૨૦૧૨ ના રોજ બે માસ માટે તુવેરદાળ, ચણા તથા ૧૫ કિ.ગ્રા. કપાસીયા તેલની જરૂરીયાત મોકલવામાં આવતાં નિગમ દ્વારા તુર્તજ ટેન્ડર પ્રક્રિયા હાથ ધરીને તુવેરદાળ, ચણા તેમજ ૧૫ કિ.ગ્રા. કપાસીયા તેલના ટીનની ખરીદી કરવામાં આવેલ છે. આ જથ્થો નાગરિક પુરવઠા નિગમના

● અનુસંધાન પાન-૭ પર

## શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ ન નોંધાયો

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેર અને જિલ્લામાં આજે એક પણ કેસ કોરોનાનો ન નોંધાતા તંત્રએ રાહતની લાગણી અનુભવી છે.

શહેર-જિલ્લામાં ૧૫ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે હાલ સારવાર હેઠળ છે. જોકે તંત્રએ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ રહેલ દર્દીઓનું મોનીટરીંગ અસરકારક બનાવ્યુ છે.

## આ વર્ષે કેસર કેરી મે મહિનામાં આવશે


જુનાગઢ, તા. ૨૨

તાઉતે વાવાઝોડું અને માવઠા નડ્યા હોવાથી આ વર્ષે અનોખી મીઠાશ અને સ્વાદ ધરાવતી કેસર કેરી મોંધી અને મોડી ખાવા મળશે તેવા અહેવાલ મળ્યા છે.

ખેડૂત સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે કે, કેસર કેરી આ વર્ષે એપ્રિલને બદલે મે મહિનામાં આવશે. સૌરાષ્ટ્રમાં ત્રાટકેલા વાવાઝોડાને કારણે હજારો આંબાઓના મુળિયા હલબલી ગયા છે અને ઉપરથી ગત શિયાળામાં ઉપરાઉપરી કમોસમી વરસાદથી આ વખતે કેસર કેરી મોડી ઉપરાંત મોંઘી મળશે.

# જિલ્લાના ૮૩ ગામમાં સસ્તા અનાજની દુકાન નથી

### ૪૮ ગામમાં એક કરતાં વધુ સસ્તા અનાજની દુકાન છે : ૪૨૭ ઓરડાઓ અને ૨૦૦ પ્રા. શિક્ષકોની ઘટ છે : ૮૫ શાળાઓના ઓરડાઓનો કાટમાળ ખસેડવાની મંજૂરી આપવાની બાકી, ૧૪૩ આંગણવાડીને પોતાના મકાન નથી





**● સસ્તા અનાજની દુકાનો**

કલોલના કોંગી ધારાસભ્ય બળદેવજી ઠાકોરે જિલ્લામાં સસ્તા અનાજની દુકાનોને લઈ પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં નાગરિક પુરવઠામંત્રીએ જણાવ્યું છે કે ૮૩ ગામો જિલ્લામાં એવા છે જ્યાં સસ્તા અનાજની દુકાનો શરૂ કરવામાં આવેલ નથી.

ગાંધીનગર તાલુકાના ૮, દહેગામના ૪૪, કલોલના ૨૨ અને માણસાના ૯ ગામોનો આમાં સમાવેશ થાય છે.

મંત્રીએ સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે જિલ્લામાં ૪૮ ગામ એવા છે જ્યાં એક કરતાં વધુ સસ્તા અનાજની દુકાનો છે.

તેમણે જણાવ્યુ છે કે જે ગામોમાં સસ્તા અનાજની દુકાન નથી તે ગામોને નજીકની દુકાનથી જોડવામાં આવ્યા છે. જિલ્લામાં પાંચ ગામો દંતાલી તા. કલોલ, વાંસજડા (કલોલ), ધાનોટ (કલોલ), ખાનપુર (દહેગામ), વડવાસા (દહેગામ)માં સસ્તા અનાજની દુકાનો શરૂ કરવા માટે સરકારમાં રજુઆત કરી છે. આ અંગેની કાર્યવાહી હાલ પૂરજોશમાં ચાલુ હોવાનું પણ તેમણે સ્વીકાર્યુ હતુ.

**● આંગણવાડીમાં ગેસ કનેક્શન**

ભાજપના બલરાજસિંહ ચૌહાણે તેમજ શંભુજી ઠાકોરે ગાંધીનગર જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોમાં ગેસ કનેક્શન અંગે પુછેલા અલગ અલગ પ્રશ્નોના ઉત્તરમાં મહિલા બાળ કલ્યાણંત્રીએ જણાવ્યુ છે કે તમામ આંગણવાડી કેન્દ્રોમાં ગેસ કનેક્શન છે.

**● ઓરડાની ઘટ**

માણસાના કોંગી સભ્ય સુરેશભાઈ પટેલે જિલ્લાની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં ખુટતા ઓરડાઓ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીએ જણાવ્યુ છે કે દહેગામમાં ૧૮૯, ગાંધીનગરમાં ૧૧૯, કલોલમાં ૫૯ અને માણસામાં ૬૦ એમ કુલ ૪૨૭ ઓરડાઓની ઘટ પ્રા. શાળામાં છે.

૩૧-૧૨-૨૧ની સ્થિતિએ જિલ્લામાં દહેગામમાં ૨૭, ગાંધીનગરમાં ૫૮, કલોલમાં ૩૫ અને માણસામાં ૩૧ મળી કુલ ૧૫૧ નવા ઓરડા બનાવવામાં આવ્યા છે. ખૂટતા ઓરડાઓ આગામી વર્ષોમાં તબક્કાવાર નિર્માણ કરવામાં આવશે.

**● વીજ કનેક્શન**

ભાજપના શંભુજી ઠાકોરે ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ કેટલા આંગણવાડી કેન્દ્રને વીજ કનેક્શન અપાયા તેવા પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મહિલા કલ્યાણમંત્રીએ જણાવ્યુ છે કે માણસાના એક આંગણવાડી કેન્દ્રને વીજ જોડાણ આપવામાં આવ્યું છે. હવે એક પણ આંગણવાડી કેન્દ્ર વીજ કનેક્શન વિનાનું નથી.

**● કાટમાળ હટાવવાની મંજૂરી**

ગાંધીનગર(ઉ)ના કોંગી ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ જિલ્લાની પ્રા. શાળાના જર્જરિત ઓરડાઓનો કાટમાળ હટાવવાની મંજૂરીને લઈ પુછેલા પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીએ જણાવ્યું છે કે ૩૪ શાળાઓને કાટમાળ હટાવવાની મંજૂરી આપવામાં આવી છે.

જ્યારે ૮૫ શાળાઓના ઓરડાઓનો કાટમાળ હટાવવાની મંજૂરી આપવાની બાકી છે. આ મંજૂરી એક, બે, ત્રણ કે પાંચ વર્ષથી મંજૂરી આપવામાં આવી નથી તેવુ નથી. જેમ જેમ એસએમસી કક્ષાએથી મંજૂરી માંગેથી આગામી તબક્કામાં મંજૂરી આપવામાં આવશે.

**● પ્રદૂષિત પાણી ભૂગર્ભમાં ઉતારવાની ફરિયાદ**

કલોલના કોંગી ધારાસભ્ય બળદેવજી ઠાકોરના પ્રશ્નના ઉત્તરમાં ૩૧-૧-૨૨ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં પ્રદૂષિત પાણી ભૂગર્ભ ઉતારવા તથા ખુલ્લા કાંસમાં ઠાલવવા બાબતે બે વર્ષમાં ૩ ફરિયાદ મળી છે.

પર્યાવરણ મંત્રીએ જણાવ્યુ છે કે આ ફરિયાદોને પગલે પાંચને કારણદર્શક નોટીસ અને બે એકમોને તેમના એકમ બંધ કરવાના હુકમો કરવામાં આવ્યા છે.

**● શિક્ષકોની ઘટ**

માણસાના કોંગી ધારાસભ્ય સુરેશભાઈ પટેલે ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ જિલ્લામાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષકોની ઘટ અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે ગાંધીનગરમાં ૪૫, માણસામાં ૨૪, કલોલમાં

● અનુસંધાન પાન-૭ પર


www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com